# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-09-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) આગામી તહેવારોની મોસમ સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા નાગરિકોને મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીનો અનુરોધ
2) રાજ્યભરમાં આજે રાત્રે એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબા ઘૂમીને ગુજરાત ઈતિહાસ સર્જશે
3) આગામી બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી
4) અમદાવાદના બોપલ વિસ્તારમાં 7મા માળેથી પટકાતાં બે શ્રમિકોનાં મોત
5) ક્રિકેટ ટી-20 એશિયા કપની ફાઇનલમાં પહેલી વાર ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું  દેશ ફક્ત સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને જ આત્મનિર્ભર બની શકે છે

મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા , પ્રધાનમંત્રીએ લોકોને આગામી તહેવારો સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને "વોકલ ફોર લોકલ" ને તેમનો મંત્ર બનાવવા વિનંતી કરી. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવા માટે પ્રતિજ્ઞા લેવા હાકલ કરી.

[બાઈટ -MKB-KHADI]

પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે હાથવણાટ અને હસ્તકલા ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પરંપરા અને નવીનતાને જોડવાથી નોંધપાત્ર પરિણામો મળી શકે છે

શ્રી મોદીએ ભારતીય નૌકાદળના બે બહાદુર અધિકારીઓની સિદ્ધિ પર પ્રકાશ પાડ્યો જેમણે નાવિકા સાગર પરિક્રમા દરમિયાન દરિયામાં આઠ મહિના વિતાવ્યા. લેફ્ટનન્ટ કમાન્ડર દિલના અને લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા સેઇલબોટમાં સમુદ્ર સુધી પહોંચનારા પ્રથમ ભારતીય , પ્રથમ એશિયન અને વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની મહેનત , સફળતા અને સિદ્ધિઓ દેશના યુવાનો, ખાસ કરીને છોકરીઓને પ્રેરણા આપશે.

મોદીએ આસામી ગાયિકા ઝુબીન ગર્ગના અકાળ અવસાન પર પણ શોક વ્યક્ત કર્યો,

શ્રી મોદીએ આગામી તહેવારો, ખાસ કરીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . . . .

# MANN KI BAAT - REACTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ચાંદખેડા ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘મન કી બાત ‘કાર્યક્રમની ૧૨૬મી કડીનું જીવંત પ્રસારણ નિહા ળ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે , સરકારએ છેવાડાના માણસને મુખ્ય પ્રવાહમાં લાવવા કટિબદ્ધતા દર્શાવી છે.

તો બનાસકાંઠા જીલ્લાના ભાભર તાલુકાના ઊંડાઈ ગામના વડીલોએ ટીવી અને મોબાઈલના માધ્યમથી સાથે મળીને ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળ્યો.

. . . . . . . . . . . . .

# OPERATION SINDOOR GARBA

સૈન્યના શૌર્ય અને પરાક્રમના સન્માનમાં રાજ્યભરમાં આજે રાત્રે 11 વાગ્યે એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબા ઘૂમીને ગુજરાત ઈતિહાસ સર્જશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે તમામ ખેલૈયાઓ, ગરબા આયોજકો અને સંચાલકોને શક્તિની આરાધનાના પર્વને સેનાને સલામ કરવાનો અવસર બનાવવાની અપીલ કરી છે. આજે સમગ્ર ગુજરાત એક જ તાલે , એક જ સૂરમાં ભારતીય સેનાના સન્માનમાં ઓપરેશન સિંદૂર પર બનેલા ગરબે ઘૂમશે.

. . . . . . . . .

# NAVRATRI 6TH DAY

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર...

-----(NAVRATRI MUSIC)----

નવરાત્રિના છઠ્ઠુ નોરતે આજે નવદુર્ગાના છઠ્ઠા સ્વરૂપ મા કાત્યાયની દેવીની આરાધના કરવામાં આવે છે. આધ્યશક્તિના આરાધના પર્વ નવરાત્રીની રાજ્યભરમાં ભક્તિભાવથી ઉજવણી  થઈ રહી છે. રાજ્યના શક્તિપીઠ સહિતના ધાર્મિક સ્થળોએ ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યું છે. બીજી તરફ ખેલૈયાઓ પણ મન મૂકી ગરબા રમી રહ્યા છે. મહેસાણા જિલ્લાના ઊંઝાનું સુપ્રસિદ્ધ ઉમિયા માતાજીનું મંદિર પણ નવરાત્રિ દરમિયાન ભક્તિમય બન્યું છે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : જયંતિ ચૌધરી)

------(NAVRATRI MUSIC)------

દરમિયાન, છોટાઉદેપુરમાં જનજાતીય સમુદાયના લોકો પારંપરિક પોશાકમાં ગરબા રમી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# GOVENER

ગાંધીનગરના કોબા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આજે "આચાર્ય તુલસી સન્માન સમારોહ" યોજાયો. આ તકે રાજ્યપાલે જણાવ્યુ હતું કે , જે કાર્ય કરતા ભય , લજ્જા અને શંકા અનુભવાય તેવું કાર્ય કરવું ન જોઈએ,અને આ જ શાસ્ત્રોનું અમૂલ્ય માર્ગદર્શન છે.આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેરાપંથી જૈન સમાજના આચાર્ય શ્રમણજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# WEATHER FORECAST

આગામી બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની શક્યતા છે. જેને પગલે ગરબા રસિકો અને આયોજકો પણ ચિંતામાં મુકાયા છે. વરસાદ અને ભારે પવનની શક્યતાને જોતાં આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું.

(બાઇટ : અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક)

. . . . . . . . . .

# GUJARAT RAIN

નવરાત્રિના દિવસો વચ્ચે રાજ્યમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે. આજે 110 તાલુકામાં વરસાદ નોંધાયો છે. નર્મદામાં ડેડીયાપાડામાં સૌથી વધુ ચાર ઇંચ જ્યારે વલસાડના કપરાડા અને સુરતના ઉમરપાડામાં ૩ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં પડેલા વરસાદને કારણે ગરબા મેદાનમાં પાણી ભરાયા.

બીજી તરફ નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદામાં વાવાઝોડા સાથે ભારે વરસાદ થતાં વાવાઝોડાથી થયેલા નુકસાનના સર્વેની કામગીરી શરૂ કરાઇ છે. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે જિલ્લામાં વરસાદથી 20 ગામો અસરગ્રસ્ત થયા હતા.

દરમિયાન વલસાડના નાના સુરવાડા ગામમાં થયેલા નુકસાન અંગે સાંસદ ધવલ પટેલ અને પ્રાંત અધિકારીએ અસરગ્રસ્તોને સરકાર તરફથી તમામ સહાય વહેલી તકે મળી રહે તેની બાંહેધરી આપી. વરસાદને કારણે રાજ્યના 147 જળાશય હાઇએલર્ટ પર છે. વલસાડ નજીક દમણગંગા જળાશયમાંથી 62 હજાર ક્યુસેક અને તાપી જિલ્લાના ઉકાઈ ડેમમાંથી એક લાખ ૩૩ હજાર ક્યુસેક પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારના ગામોને સાવચેત કરાયા છે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD DEATH

અમદાવાદના બોપલ વિસ્તારમાં હોર્ડિંગ લગાવતી  વખતે 7મા માળ પરથી પટકાતાં બે શ્રમિકોનાં મોત થયા છે . થાંભલાના વાયર સાથે હોર્ડિંગ અડી જતા થયેલા વિસ્ફોટના કારણે 3 શ્રમિકો નીચે પટકાયા હતા. ઇમારત પર હોર્ડિંગ લગાવતા સમયે આ ઘટના બની હોવાનું નાયબ પોલીસ અધિક્ષક નીલમ ગૌસ્વામીએ જણાવ્યું હતું.

(બાઇટ : નીલમ ગૌસ્વામી – Dy.SP)

. . . .

# AMRELI AMBERGRIS

અમરેલી SOGએ બે કરોડ રૂપિયાથી વધુની કિંમતની એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઊલટી સાથે એક શખ્સને ઝડપી લીધો છે. બાતમીને આધારે પોલીસે વરસડા ગામના બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી જ્યાં એક વ્યક્તિની તપાસ કરતાં તેની પાસેથી નાના-મોટા એમ કુલ 40 ટુકડાઓમાં બે કિલોથી વધુની એમ્બરગ્રીસ મળી આવી હતી.પોલીસે આરોપી પાસેથી કુલ મળીને 2 કરોડ 20 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ પોલીસે વન્ય પ્રાણી સંરક્ષણ કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . .

# GST REFORMS-AGRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. આગામી પેઢીના GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે. આ સુધારાઓ વિવિધ વસ્તુઓ અને સેવાઓ પરના કર દરમાં ઘટાડો કરીને નાગરિકોને નોંધપાત્ર રાહત આપી રહ્યા છે. સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ : નિકિતા શાહ)

*(કૃષિ ક્ષેત્રમાં, સરકારે માખાના આધારિત નાસ્તા પર GST દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કર્યા છે. આ ઘટાડો સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં ઉત્પાદનને વધુ સ્પર્ધાત્મક બનાવશે. જ્યુસ , જામ અને અથાણા પર GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાતા , સ્થાનિક ઉદ્યોગોને ફાયદો થશે. બિસ્કિટ પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા અને નમકીન અને ચટણી પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાતા, આ પગલાથી પેકેજ્ડ ખાદ્ય પદાર્થો વધુ સસ્તું બનશે , વપરાશ વધશે અને ગ્રાહકો અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ બંનેને ફાયદો થશે.*

*અમન યાદવના અહેવાલ સાથે નિકિતા શાહ પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ.)*

. . . . . . . .

# CRICKET ASIA CUP

ક્રિકેટ ટી-20 એશિયા કપની ફાઇનલમાં આજે પહેલીવાર ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. દુબઈમાં રાત્રે 8 વાગ્યે રમાનાર આ મુકાબલાને લઈને ક્રિકેટ રસિયા ખૂબ જ ઉત્સાહિત છે.

આ એશિયા કપમાં, ભારત અને પાકિસ્તાન બે મેચ રમી ચૂક્યા છે, જેમાં બંને વખત ભારતે પાકિસ્તાનને હરાવ્યું છે. ભારતીય ટીમ સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનની ટીમ સલમાન આગાની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. ઉલ્લેખનીય છે કે આ એશિયા કપમાં ભારત હજુ સુધી એકપણ મેચ હાર્યું નથી.

. . . .